# ગોદરેજ સીક્યોરિટી સોલ્યુશનનો ઉદ્દેશ #IAmSecure અભિયાન મારફતે સલામત ભારતનું નિર્માણ કરવાનો છે

મુંબઈ, ૩૦ ઓક્ટોબર, ૨૦૧૭: સીક્યોરિટી સોલ્યુશન્સનાં સ્વીકાર્ય દરમાં વધારા અને જ્યાં નાગરિકો વિશ્વાસ સાથે કહી શકે કે 'આઈ એમ સીક્યોર' એવા સુરક્ષિત રાષ્ટ્રનું નિર્મઆણ કરવાનાં ઉદ્દેશ સાથે ભારતની અગ્રણી સીક્યોરિટી સોલ્યુશન્સ પ્રોવાઈડર ગોદરેજ સીક્યોરિટી સોલ્યુશન્સ (જીએસએસ)એ વિવિધ શહેરોમાં ઉપભોક્તા જાગૃતિ અભિયાન ઈઆઈએમસીક્યોર શરૂ કર્યું હતું. આ અભિયાન મુંબઈ, દિલ્હી, હૈદરાબાદ, કોચી, અમદાવાદ, પૂણે, જયપુર, ચંદીગઢ, ઉદેપુરમાં શરૂ થયું હતું અને ટૂંક સમયમાં ચેન્નાઈ અને કોલકાતામાં યોજાશે. આ ઈવેન્ટ દરમિયાન કંપનીએ હોમ સીક્યોરિટીનાં અનેક નવા સોલ્યુશન લોંચ કર્યા હતાં, જેમાં વાઈફાઈ અનેબલ્ડ ઈવીઈ સીરિઝ અને સી થ્રૂ પ્રો વીડિયો ડોર ફોન્સ સામેલ છે.

આ અભિયાનનો ઉદ્દેશ દેશને સુરક્ષાની જવાબદારી લેવા સક્ષમ બનાવવાનો, તેમને વિવિધ સોલ્યુશન અંગે જાગૃત કરવાનો અને સલામતી અને સુરક્ષિત જીવન માટે સ્વરક્ષણ શીખવવાનાં મહત્ત્વ પર જાણકારી આપવાનો છે. કંપની જાગૃતિ કાર્યક્રમો મારફતે પોતાનાં વિતરકો સાથે પણ સંકળાયેલી છે. મુંબઈ અને નવી દિલ્હીમાં આયોજિત ઈવેન્ટમાં ૧૦૦થી વધારે મહિલાઓએ પોતાની અને પોતાનાં પ્રિયજનોની સુરક્ષાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. મુંબઈ ઈવેન્ટ દરમિયાન ૪૩૫ પ્રભાવકોએ ૧૬૩૮ ટ્વીટ જનરેટ કર્યા હતાં અને ૩ કલાકથી વધારે સમય માટે ભારતમાં ઈઆઈએમસીક્યોર ૪થી પોઝિશન પર આવી ગયું હતું. જ્યારે નવી દિલ્હીમાં ૪૪ પ્રદાતાઓએ ૨૨૭ ટ્વીટ કર્યા હતાં, ત્યારે આ અભિયાન દરમિયાન યુનિટ ટ્વિટર એકાઉન્ટનો આંકડો ૧૬ લાખથી વધારે થયો હતો. ઈઆઈએમસીક્યોર કીવર્ડ ભારતમાં ૨ કલાકથી વધારે સમય માટે છઠ્ઠી પોઝિસન પર ટ્રેન્ડ થયો હતો.

આ ઈવન્ટમાં કોઈ પણ અપરાધ થવાનાં કેસમાં કોઈ વ્યક્તિ માહિતીનાં અધિકારનો ઉપયોગ કેવી રીતે કરી શકે, સીક્યોરિટી સોલ્યુશન સાથે સંકળાયેલા ભ્રમ દૂર કરવા, સ્માર્ટ સીક્યોરિટી માટે ટેકનોલોજીનો ઉપયોગ, સ્વરક્ષણ કાર્યશાળાઓ મુંબઈમાં સંધ્યા શેટ્ટી દ્વારા અને નવી દિલ્હીમાં ઈન્ડિયન કરાટે ટીમનાં હેડ કોચ વિરાફ વાત્યા દ્વારા યોજાઈ હતી. ઈવેન્ટમાં સુરક્ષા માટેની જરૂરિયાત પર લોકપ્રિય સ્ટેન્ડ-અપ કોમોડિયન અતુલ ખત્રીએ રમૂજ પૂરી પાડી હતી.

વિવિધ શહેરમાં આયોજિત અભિયાન શરૂ કરવા પાછળનાં ઉદ્દેશ વિશે ગોદરેજ સીક્યોરિટી સોલ્યુશનનાં માર્કેટિંગ, સેલ્સ એન્ડ ઈન્નોવેશનનાં ગ્લોબલ હેડ અને વાઈસ પ્રેસિડન્ટ શ્રી મેહેરનોશ પીઠાવાલાએ કહ્યું હતું કે, "ભારતમાં સીક્યોરિટી માર્કેટ મુખ્યત્વે 'જરૂરિયાત આધારિત' બજાર છે, નહીં 'ઉપભોક્તા-સંચાલિત'. અત્યારે સલામતી અને સુરક્ષાની ચિંતાઓ વ્યક્તિગત સલામતી પૂરતી મર્યાદિત નથી, પણ આપણાં પ્રિયજનો સાથે સંબંધિત છે, ત્યારે બજાર સીક્યોરિટી પગલાંની સ્વીકાર્યતા તરફ પ્રતિક્રિયાત્મક વલણ ધરાવે છે. આ બાબતની નોંધ લઈને અમારું માનવું છે કે સીક્યોરિટી સોલ્યુશન સ્વીકારવા માટેની જરૂરિયાત અને સીક્યોરિટી સ્પેસમાં થયેલી ટેકનોલોજીકલ પ્રગતિ પર જાગૃતિ લાવવાની તાતી જરૂર છે. સમાજમાં ટેકનોલોજીનો ઉપયોગ વધ્યો છે અને વધુને વધુ લોકો ટેકનોલોજીનો ઉપયોગ કરતાં થયાં છે, છતાં આપણાં પર અપરાધનું જોખમ અગાઉ જેટલું જ છે. આપણે આપણી મૂળભૂત વર્તણૂંકમાં ફેરફાર કરવાની અને સુરક્ષા વિશે વધારે સક્રિય થવાની જરૂર છે."

ગોદરેજ સીક્યોરિટી સોલ્યુશન્સે 'કન્ઝ્યુમર એટિટ્યુડ ટૂવર્ડ્ઝ હોમ સીક્યોરિટી' પર તેનાં લેટેસ્ટ કન્ઝ્યુમર સર્વે રિપોર્ટનાં સાર પણ રજૂ કર્યો હતો, જેમાં ખુલાસો થયો છે કે ફક્ત ૩૪ ટકા મહિલાઓ પ્રવાસ દરમિયાન સુરક્ષા માટે પગલાં લે છે. પ્રવાસમાં સુરક્ષા સંબંધિત પગલાં લેતી ૨૮ ટકા મહિલાઓ તેમનાં સગાસંબંધીઓને જાણકારી આપે છે, ત્યારે નવ ટકા મહિલાઓ તેમનાં મોબાઈલ ફોન પર સીક્યોરિટી એપ્લિકેશનનો ઉપયોગ કરે